**दि प्लास्टिक एक्सपोर्ट प्रमोशन कौन्सिल**
(भारत सरकार, वाणिज्य एवं उद्योग मंत्रालय, वाणिज्य विभाग द्वारा प्रायोजित)
क्रिस्टल टावर, गुंदिवली रोड क्र. 3, ऑफ सर एम व्ही रोड, अंधेरी (पूर्व), मुंबई ४०० ०६९. भारत
दूरध्वनी : ९१-२२-२६८३ ३९५१/५२ फैक्स : ९१-२२-२६८३ ३९५३
ई—मेल : plexconcil@vsnl.com वेबसाईट : http://www.plexconcil.org

**THE PLASTICS EXPORT PROMOTION COUNCIL**
(Sponsored by the Ministry of Commerce & Industry, Department of Commerce, Government of India)
Crystal Tower, Gundivali Road No 3,Off Sir M V Road, Andheri (E),Mumbai 400069 - India
Ph: (+91 - 22) 26833951, Fax: (+91 - 22) 26833953 / 26834057
Email: plexconcil@vsnl.com Website: http://www.plexconcil.org

Ref.No:Plexh/Cir/1946 10.01.2018

Reminder/Revised

કેપ ઇન્ડિયા 2018માં સહભાગીદારી માટે પ્લાસ્ટિક ઉદ્યોગનો પરિપત્ર

પ્રિય

<u>વિષયઃ કેપઇન્ડિયા 2018, મુંબઈ – અમદાવાદમાં ટ્રેડ મીટમાં આમંત્રણ</u>

***<u>Subject : CAPINDIA 2018, Mumbai – Invitation to attend Trade Meet, Programme on Niryat Bandhu (FTP Mid Term Review)</u>*** **<u>& IGST refund on export in Ahmedabad</u>**

મને જણાવતાં અતિ આનંદ થાય છે કે રસાયણો, પ્લાસ્ટિક, નિર્માણ ઉદ્યોગ અને આનુષંગિક ઉત્પાદનો માટે વેપાર અને નેટવર્કિંગ ઇવેન્ટ કેપઇન્ડિયા 2018ની ત્રીજી એડિશન 22થી 24 માર્ચ, 2018 સુધી મુંબઈમાં બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ગોરેગાંવમાં યોજાશે. કેપઇન્ડિયા ભારતની અગ્રણી નેટવર્કિંગ અને સોર્સિંગ ઇવેન્ટમાંની એક છે, જે ભારતીય ઉત્પાદકો અને નિકાસકારોની ક્ષમતાઓ પ્રદર્શિત કરે છે.

આ ઇવેન્ટ ભારત સરકારનાં રસાયણ અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા સપોર્ટેડ વાણિજ્ય વિભાગનાં નેજાં હેઠળ યોજાશે તથા ઇવેન્ટ પ્લાસ્ટિક્સ એક્સ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ (પ્લેક્સોન્સિલ), મૂળભૂત રસાયણો, કોસ્મેટિક્સ અને ડાઇ એક્સ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ (કેમેક્સિલ), કેમિકલ એન્ડ એલાઇડ પ્રોડક્ટ્સ (કેપેક્સિલ) તથા શેલાક એન્ડ ફોરેસ્ટ પ્રોડક્ટ્સ એક્સ્પોર્ટ પ્રમોશનલ કાઉન્સિલ (શેફેક્સિલ) દ્વારા સંયુક્તપણે યોજાશે. શોમાં સ્ટેટ પાર્ટનર ગુજરાત સરકાર છે.

અમને તમને કેપઇન્ડિયા ટ્રેડ શોમાં આમંત્રણ આપવાની ખુશી છે, જે અમદાવાદમાં યોજાશે.

ટ્રેડ મીટ સાથે અમે નિર્યાત બંધુ પ્રોગ્રામ (મધ્યકાલીન વિદેશી વેપાર નીતિ સમીક્ષા વગેરે) પણ યોજીશું. આ પ્રોગ્રામને અમદાવાદનાં અધિક ડીજીએફટી શ્રી અક્ષય કુમાર સંબોધશે. Also followed is the awareness seminar on IGST Refund on Exports. This would be conducted by Mr. Nitin Tagade, Dy Commissioner – Customs, Surat.

કૃપા કરીને તમારી જાણકારી માટે ઇવેન્ટની વિગતો નીચે જુઓઃ

**ઇવેન્ટ:** કેપઇન્ડિયા પ્રેઝન્ટેશન – ટ્રેડ કમ પ્રેસ મીટ

**તારીખ:** 18 જાન્યુઆરી, 2018

**દિવસ:** ગુરુવાર

**સમય:** બપોરે 2.30 થી સાંજનાં 5.00. હાઇ ટી પછી પ્રેઝન્ટેશન યોજાશે.

**સ્થળ:** શેઠ શ્રી હરગોવનદાસ મેમોરિયલ હોલ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ (જીસીસીઆઈ), આશ્રમ રોડ, અમદાવાદ

**RSVP: Bharti Parave – 022 26833951/52, email: bharti@plexconcil.org**

**પ્રોડક્ટનું પ્રદર્શન**

નીચે ઇવેન્ટ દરમિયાન આવરી લેવાશે એ પ્રોડક્ટ કેટેગરીઓની યાદી આપી છે. પ્લાસ્ટિક પ્રોડક્ટ કેટેગરી અને પ્લાસ્ટિક્સ પ્રોસેસિંગ મશીનરી પર વિસ્તૃત માહિતી મેળવવા કૃપા કરીને લોગ ઓન કરોઃ www.capindiaexpo.in

1. કન્ઝ્યુમર એન્ડ હાઉસવેર
2. કોર્ડેજ અને ફિશનેટ
3. એફઆઇબીસી
4. ફ્લોર કવરિંગ્સ, લેધરક્લોથ અને લેમિનેટ્સ
5. એફઆરપી પ્રોડક્ટ્સ
6. હ્યુમન હેર
7. મેડિકલ એન્ડ હેલ્થકેર
8. આનુષંગિક પ્લાસ્ટિક ઉત્પાદનો
9. પેકેજિંગ પ્રોડક્ટ્સ (એફઆઇબીસીને બાદ કરતાં)
10. પાઇપ્સ અને ફિટિંગ્સ
11. પોલીસ્ટર ફિલ્મ
12. કાચો માલ અને પોલીમર
13. રાઇટિંગ સાધનો

**એક્ઝિબિશનની મુખ્ય ખાસયિતો**

- ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં 3 દિવસની ઇવેન્ટ.
- સહભાગીતા વધારવા અને મુલાકાતીનાં અનુભવનાં ઉદ્દેશ સાથે કેટલીક નવી વધારાની ખાસિયતો.
- 18,000 ચોરસમીટર જગ્યામાં એક્ઝિબિશનનું આયોજન
- 700 અગ્રણી પ્રદર્શકો

- 10,000થી વધારે મુલાકાતીઓ
- 400થી વધારે વિદેશી ગ્રાહકો
- ઉદ્યોગ સંબંધિત સેમિનારો
- સોર્સિંગ અને સપ્લાય માટે નેટવર્ક અને વ્યૂહાત્મક જોડાણો માટેની તકો; રોકાણ અને જોડાણ વગેરે
- સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત પીઆર અને પબ્લિસિટીમાં વધારો.

**કેપઇન્ડિયા 2018માં રિવર્સ બાયર સેલર મીટ (આરબીએસએમ)**

આરબીએસએમમાં ઇવેન્ટ દરમિયાન 400 આંતરરાષ્ટ્રીય ગ્રાહકો આવશે તથા ઇવેન્ટ દરમિયાન વિદેશી ગ્રાહકો અને ભારતીય ઉત્પાદકો અને નિકાસકારો એક પ્રતિબદ્ધ મંચ વચ્ચે વેપારી જોડાણો થશે અને નેટવર્કિંગને પ્રમોશન આપવામાં આવશે. કેપઇન્ડિયાનાં આયોજકોએ વાણિજ્ય મંત્રાલયની એમએમઆઈ સ્કીમનાં ભાગરૂપે હાથ ધરેલી આ પહેલ સહભાગી ઉદ્યોગોનાં નિકાસને પ્રોત્સાહન આપશે એટલે તમામ ખરીદદારોનાં પ્રવાસ અને રોકાણની વ્યવસ્થા ઇવેન્ટનાં આયોજકો દ્વારા કરવામાં આવશે.

**16 દેશોનાં 100થી વધારે ગ્રાહકોએ આરબીએસએમ માટે નોંધણી** કરાવી છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે.

અત્યારે સ્ટોલનું બુકિંગ ચાલુ છે અને તમારાં વ્યવસાય માટે શ્રેષ્ઠ લોકેશન મેળવવા અમે તમામ સભ્યોને વહેલામાં વહેલી તકે તેમનાં સ્ટોલ બુક કરાવવા વિનંતી કરીએ છીએ, કારણ કે વહેલા તે પહેલાનાં ધોરણે સ્ટોલનું બુકિંગ થશે.

તમારે વધારે માહિતીની જરૂર હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો. અમે અમદાવાદમાં તમને કેપઇન્ડિયા ટ્રેડ મીટમાં આવકારવા આતુર છીએ.

દેશમાં સૌથી મોટાં ઉદ્યોગોમાંનાં એક ઉદ્યોગ તરીકે અમે તમામ સભ્યોને ઇવેન્ટમાં હૃદયપૂર્વક સાથસહકાર આપવા વિનંતી કરીએ છીએ અને અમે અમદાવાદમાં કેપઇન્ડિયા ટ્રેડ મીટમાં તમને મળવા આતુર છીએ.

With best regards,

Yours sincerely,

Sribash Dasmohapatra

Executive Director